જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૨/૨૦૧૮ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૭૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૯૦ લીટર દેશી દારૂ, ૨૫૫ ઇંગ્લીશ દારૂ, ૩૪૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૨ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૭૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૨૪૭૪/૧૮

**સરખેજઃ** પીરૂલાલ ભગવાનલાલ કુમાવત (રહે. પ્લોટ નંબર-૯ સિધ્ધિ વિનાયક ડુપ્લેક્ષ આઝાદનગર ઋષિકેશ સ્કુલની બાજુમા નવી ફતેવાડી સરખેજ) એ તા.૨૧/૧૨/૧૮ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૮ બપોરના ૪/૦૦ થી તા.૨૨/૧૦/૧૮ કલાક ૯/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન સાણંદ સર્કલ શાંતિપુરા સર્કલ રીલીફ હોટેલ સામે અંકુર એસ્ટેટના ગોડાઉન ખાતે આવેલ પોતાની "શ્રી મીરા મેટલ કોપોરેશન" નામની ભંગારની દુકાનના શટરનું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, ૧૫૦૦ કિ.ગ્રા. કોપર, ૫૦૦ કિ.ગ્રા. બ્રાસ, ૬૦૦ કિ.ગ્રા. એલ્યુમિનિયમ અને ૨૦૦ કિ.ગ્રા. સ્ટીલ મળી કુલ રૂપિયા ૨,૩૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.ચૌધરી ચલાવે છે.

**ઓઢવઃ** સુંદરલાલ મીટુલાલ દાણી (રહે.વાટીકા રેસીડંસી દુધેશ્વર બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ સામે દિલ્લી દરવાજા બહાર માધુપુરા) એ તા.૨૧/૧૨/૧૮ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૧/૧૮ બપોરના ૩/૦૦ થી તા.૨૬/૧૧/૧૮ કલાક ૯/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ બિલેશ્વર એસ્ટેટ પાછળ શ્રી કૃષ્ણા એસ્ટેટમાં દુકાન નં-૨૦૧ "શ્રી પારસનાથ ટ્રેડીગ કંપની" નામની પોતાની દુકાનના શટરનું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, એલ્યુમીનિયમનો સ્ક્રેપનો સામાન આશરે ૪૦૦ કિલો વજનનો કુલ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૭૫/૧૮</u>**

**કાગડાપીઠઃ** જીજ્ઞેશ પંકજભાઈ પરમાર (ઉ.વ.૨૦) (રહે રાજેન્દ્ર પાર્ક સોસાયટી દાણીલીમડા) તા.૨૧/૧૨/૧૮ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે રાયપુર ભજીયા હાઉસ દુકાન નજીક થી મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે લોંડીગ રીક્ષા નંબર જીજે ૨૭ ડબલ્યુ ૮૧૧૨ ના ચાલક ભરતકુમાર અમરારામ પ્રજાપતિ (રહે.વિશાલનગર ઇસનપુર) એ રીક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી મોટર સાયકલને ટક્કર મારતા જીજ્ઞેશને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર જીજ્ઞેશના પિતા પંકજભાઈ પરમારે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એલ.વાઘેલા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૪૭૬/૧૮</u>**

**ગોમતીપુરઃ** વૈશાલી ડો/ઓ મુકેશભાઇ ચાવડા (ઉ.વ.૧૮)(રહે. શેઠ કોઠાવાળા વોરાની ચાલી પુતળાવાળી ગલી સુખરામનગર રોડ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૨/૧૮ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.મેકવાન ચલાવે છે.

**મણીનગરઃ** પરાગભાઇ પ્રેમનંદ ઠાકુર (ઉ.વ.૫૧) (રહે. ચંન્દ્રીકા સોસાયટી ગોરધનવાડી ટેકરા મણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૧/૧૨/૧૮ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન.વાઘેલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.